# હૃદયરોગની સારવાર અંગે જાણવા જેવું

**1. નિયમોમાં જોગવાઈ**

1.1 હૃદય રોગની સારવાર સંબંધિત જોગવાઈઓ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 ના નીચેના નિયમોમાં કરવામાં આવી છે :

**નિયમ (7) (ત)**

હૃદયનો કૃત્રિમ વાલ્વ સરકારી કર્મચારી સંબંધિત પ્રમાણપત્રો અને તબીબી અધિકારીની ભલામણ સહિત નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી) ગાંધીનગરને અરજી કર્યા બાદ તે પરત્વે નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી) ગાંધીનગરની ભલામણો થયેથી હૃદયનો કૃત્રિમ વાલ્વ જે તે સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવશે. વાલ્વ આપવાની બાબત નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી) ગાંધીનગરની મંજૂરી મળ્યા બાદ વહીવટી અધિકારીએ વાલ્વ આપનાર સંસ્થાને / એજન્સીને તેની કિંમત અંગેની સીધી ચુકવણી કરવાની રહેશે.

**નિયમ-2 (7) (થ)**

પેશમેકર સરકારી કર્મચારીઓ, સંબંધિત પ્રમાણપત્રો અને નિયામકશ્રી, કાર્ડિયોલોજી ઇન્સ્ટિટ્યુટ, સિવિલ હૉસ્પિટલ/દવાખાનામાં લેવાતી ફીના નક્કી કરેલ ધોરણની મર્યાદામાં ખર્ચની રકમ ખાસ કેસમાં મળવાપાત્ર રહેશે.

**2. ઠરાવો દ્વારા કરવામાં આવેલી જોગવાઈઓ :**

2.1 તા. 30-12-1988 ના રોજ ગુરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 પ્રસિદ્ધ થયા બાદ જે 17 (સત્તર) ઠરાવો / પરિપત્રો દ્વારા હૃદયરોગ / કિડની / કેન્સર / વગેરે રોગો માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તે ઠરાવો / પરિપત્રો નીચે પ્રમાણે છે :

(1) આ.પ.ક.વિ.સં.ઠ.નં. : એમએજી-1088-3202-ધ, તા. 23-08-1990.

(2) આ.પ.ક.વિ.સુધારો ક્રમાંક : એમએજી/1088/3203/અ, તા. 29-02-1992.

(3) આ.પ.ક.વિ.સ.ઠ.ક્ર.: એમએજી-1093-3063-અ, તા. 08-06-1994.

(4) આ.પ.ક.વિ.સ.ઠ. ક્રમાંક : એમએજી/1093-1825-અ, તા. 11-07-1994.

(5) આ.પ.ક.વિ.સ.ઠ. ક્રમાંક : એમએજી/1094/225/અ, તા. 27-06-1995.

(6) આ.પ.ક.વિ.સ.ઠ. ક્રમાંક : એમએજી/1094/225/અ, તા. 30-09-1995.

(7) આ.અને પ.ક.વિ.ઠ.ક. : એમએજી-1094-225-અ, તા. 30-11-1995.

(8) આ.પ.ક.વિ.સ.ઠ. ક્રમાંક : એમએજી-1093-2327-અ, તા. 01-05-1997.

(9) આ.પ.ક.વિ.ઠ.ક. : એમએજી-1093-2327-862 (99)-અ, તા. 26-03-1999.

(10) આ.અને પ.ક.વિ.સ.પરિ.ક્રમાંક : એમએજી-2000-262-અ, તા. 01-04-2000.

(11) આ.અને પ.ક.વિ.સં.પરિ.ક્ર. : એમએજી-1099-3065-અ, તા. 11-10-2000.

(12) આ. અને પ.ક.વિ.ઠ.ક્ર. : એમએજી-102000-સીએમ-18-અ, તા. 01-01-2001.

(13) આ.પ.ક.વિ.ઠ.ક. : એમએજી-102000/એમઆર/111/અ, તા. 05-05-2001.

(14) આ. અને પ.ક.વિ. ઠરાવક્રમાંક : એમએજી-2004-2950-એ, તા. 28-12-2004.

(15) આ. અને પ.ક.વિ.નો ઠ.ક્ર. : એમએજી-102000-4932-અ, તા. 09-09-2005.

(16) આ.અને પ.ક.વિ.નો ઠ.ક્ર. : એમએજી-102003-1001-એ, તા. 26-10-2005.

(17) આ. અને પ.ક.વિ. નો ઠ.ક્ર. : એમએજી-102000-4932-અ, તા. 01-12-2005.

2.2 હૃદયરોગની સારવાર અંગે જે ઠરાવો અગાઉ પાડવામાં આવ્યા હતા તેમાં તા. 09-09-2005, તા. 26-10-2006 અને તા. 01-12-2005 ના ઠરાવો દ્વારા આ અંગેની જોગવાઈઓ સંબંધિત નીચેના છ(6) ભાગમાં આ પ્રકરણમાં દર્શાવવામાં આવી છે :

(1) રાજ્યની અંદરની માન્ય હૉસ્પિટલો

(2) રાજ્ય બહારની માન્ય હૉસ્પિટલો

(3) નિયત કરેલા દરો

(4) મંજૂરી તથા રિએમ્બર્સમેન્ટ માટેની કાર્યપદ્ધતિ

(5) અન્ય ખાનગી હૉસ્પિટલ/સંસ્થાઓમાં મેળવેલ સારવાર

(6) વિદેશોમાં સારવાર

**3. રાજ્ય અંદરની માન્ય હોસ્પિટલો**

3.1 હૃદયરોગના ઑપરેશનો માટે આ સાથે બીડેલ પત્રક મુજબના સામાન્ય દરો મુજબનું રિએમ્બર્સમેન્ટ નીચે જણાવેલ શરતો અને કાર્યરીતિને આધિન મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે :

(1) રાજસ્થાન હોસ્પિટલ, શાહીબાગ, અમદાવાદ.

(2) ડી.ડી.એમ. ઇન્સ્ટિટ્યુટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ કાર્ડિયો વાસ્ક્યુલર સર્જરી, નડિયાદ.

(3) ક્રિશ્ના હૉસ્પિટલ, અમદાવાદ.

(4) બરોડા હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર, વડોદરા.

(5) મહાવીર હેલ્થ એન્ડ મેડિકલ સોસાયટી સંચાલિત શ્રી બી.ડી. મહેતા કાર્ડિયાક હોસ્પિટલ, સુરત.

(6) મહા ગુજરાત મેડિકલ સોસાયટી સંચાલિત ડી.ઝેડ. પટેલ કાર્ડિયોલોજી સેન્ટર, નડિયાદ.

(7) એસ. એ. એલ. (સાલ) એન્ડ મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

(8) હોપ કાર્ડિયાક કે ેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હૉસ્પિટલ, અમદાવાદ.

(9) સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ.

(10) ભાઇલાલભાઈ અમીન જનરલ હોસ્પિટલ, વડોદરા.

(11) ઘકાણ હોસ્પિટલ, રાજકોટ.

(12) ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન સંચાલિત, ડૉ. જીવરાજ મહેતા હૉસ્પિટલ, અમદાવાદ.

(13) એપોલો ગ્રુપ સંચાલિત એપોલો હૉસ્પિટલ, ભાટ - ગાંધીનગર.

(14) પ્રશાંત મેડિકલ સર્વિસીઝ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, રાજકોટ સંચાલિત શ્રી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલ, રાજકોટ.

(15) બેંકર્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા.

3.2 સરકારી / સરકારશ્રી દ્વારા અધિકૃત હૉસ્પિટલો / દવાખાનામાં હૃદયરોગ, કેન્સર, કિડની, મગજની બીમારી જેવા રોગોની સારવારની અદ્યતન સુવિધાઓ હોવા છતાં રિએમ્બર્સમેન્ટ માટે માન્યતા આપવામાં આવી ન હોય તેવી રાજ્યની અંદર કે રાજ્યની બહાર આવેલી હૉસ્પિટલો / ખાનગી દવાખાનામાં સારવાર મેળવી થયેલ ખર્ચને ખાસ કિસ્સામાં મંજૂર કરવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવે છે.

.... વિભાગના તા. 24-02-1988ના ઠરાવથી તબીબી સારવાર અંગે થયેલ ખર્ચના નાણાં મંજૂર કરવા બાબતે ચોક્કસ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે.

નિયમ-10 અને 11ની જોગવાઈ મુજબ દરેક કર્મચારી / અધિકારીએ તેમનો ક્લેઇમ તેમના નિયંત્રણ અધિકારી સમક્ષ અનુસૂચિ-1 માં સારવાર પૂરી થયાના 6 માસની અંદર રજૂ કરવાનો હોય છે. ખાસ કિસ્સાઓમાં મંજૂરી મેળવવાની હોય તો સંબંધિત વહીવટી વિભાગ મારફતે આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગને દરખાસ્ત રજૂ કરવાની હોય છે. સંબંધિત વહીવટી વિભાગે કેસની ગુણવત્તાના પ્રસ્થાપિત નિયમોના પરિપ્રેક્ષ્યમાં ચકાસણી કરીને ઉચિત જણાય તો અભિપ્રાય સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અભિપ્રાય / મંજૂરી અર્થે સમયમર્યાદામાં રજૂ કરવાની

રહે છે.

કોઈપણ કર્મચારી / અધિકારીએ તબીબીસારવાર પાછળ થયેલ ખર્ચ મજરે આપવાની રજૂઆતો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને સીધેસીધી રજૂ કરવાની રહેશે નહિ.

સચિવાલયના વિભાગો હસ્તકના સર્વ ખાતાના વડા / કચેરીને મળેલી રજૂઆતો સંબંધિત ખાતાના વડા / કચેરીએ તેમના વહીવટી વિભાગને પ્રથમ મોકલવાની રહેશે. વહીવટી વિભાગે તેમને મળેલ આવી રજૂઆતોની ચકાસણી તબીબીસારવારના પ્રસ્થાપિત નિયમોના પરિપ્રેક્ષ્યમાં રહીને કરવાની રહેશે. તેમજ ગુણવત્તાની દ્દષ્ટિએ ઉચિત જણાય તો જ ખાસ કિસ્સાની મંજૂરીનાં સબળ કારણો સાથેની દરખાસ્ત વિભાગના સચિવશ્રીની કક્ષાથી નીચેની કક્ષાના નહિ તેવા અધિકારીની ભલામણ સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને ફાઈલ પર અવિધિસર વિધિથી મોકલવાની રહેશે.

પેન્શનરોના કિસ્સામાં આવી ખાસ પ્રકારની મંજૂરી માટેની રજૂઆતો બાબતે નાણાં વિભાગના તા. 07-04-1969 ના ઠરાવ મુજબ સંબંધિત વહીવટી વિભાગે પ્રવર્તમાન નિયમોના પરિપ્રેક્ષ્યમાં ખાસ કિસ્સાની રજૂઆત ચકાસણી આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને ખાસ કિસ્સામાં દરખાસ્ત કરતાં પહેલાં તા. 01-04-2000 ના ઠરાવ સાથે જોડેલ ચેકલિસ્ટમાં દર્શાવેલ મુદ્દાઓની વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે.

સરકારી કર્મચારીઓ / પેન્શનરો તરફથી કમિશનરશ્રી આરોગ્ય સેવાઓ, ગાંધીનગરને સીધેસીધી કરવામાં આવતી રજૂઆતો કે જે, તે કચેરીના ક્ષેત્રાધિકારમાં આવતી ન હોય તેવી તમામ રજૂઆતો કમિશનર કચેરીએ જે તે કર્મચારીના સંબંધિત વહીવટી વિભાગને તથા પેન્શનર વિભાગને તથા પેન્શનર કિસ્સામાં નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરીને મોકલવાની રહેશે.

એલિસબ્રિજ આરોગ્ય સમિતિ કાર્ડિયાક પ્રોજેક્ટ સંચાલિત લલિતાબહેન આર. કાર્ડિયાક એન્ડ રિહેબિલીટેશન સેન્ટર, અમદાવાદ ખાતે હૃદયરોગના દર્દીઓને પુનઃસ્થાપન માટે કાર્ડિયાક રીહેબિલીટેશન દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી સુઆયોજિત એક્સરસાઈઝ પ્રોગ્રામ દ્વારા સારવાર આપવામાં આવે છે. સરકારી કર્મચારી / અધિકારીએ હૃદયરોગની સારવાર અંગે આ એક્સરસાઈઝ કરવા માટે કરેલ ખર્ચ રૂ. 1270/-ની મર્યાદામાં મળવાપાત્ર છે. વધુમાં આ લીધેલ સારવાર માટેની સમયમર્યાદા 13 અઠવાડિયાની રહેશે. *(ઠરાવ તા. 18-06-1991)*

**4. રાજ્ય બહારની માન્ય હૉસ્પિટલો**

4.1 અપવાદરૂપ કેસ અંગે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી અને યોગ્ય સારવાર, રાજ્ય બહારની (પરંતુ ભારતની અંદર) હૉસ્પિટલમાં જે મળે તેવી છે તો તે આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી) ના કમિશનરશ્રીની મંજૂરી (જે અગાઉથી મેળવવામાં આવશે. સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતું હોય) મેળવી સારવાર માટે દર્દીને આવી હૉસ્પિટલમાં મોકલી આપશે. આવી ખાસ પ્રકારની સારવાર માટે નીચે જણાવેલ હૉસ્પિટલોને માન્ય ગણવામાં આવી છે.

**1.0 કોરોનરી બાયપાસ સર્જરી માટે :**

1.1 સધર્ન રેલવે હેડક્વાર્ટર હૉસ્પિટલ, ચેન્નાઈ.

1.2 ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ એન્ડ હૉસ્પિટલ, વેલોર.

1.3 કે. ઇ. એમ. હૉસ્પિટલ, મુંબઈ.

1.4 જશલોક હૉસ્પિટલ, મુંબઈ.

1.5 બૉમ્બે હૉસ્પિટલ, મુંબઈ.

1.6 કસ્તુરબા હૉસ્પિટલ, ભોપાલ.

1.7 શ્રી ચિત્રતિરૂનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ત્રિવેન્દ્રમ્.

1.8 એપોલો હૉસ્પિટલ, મદ્રાસ.

**2.0 કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે :**

2.1 ક્રિશ્ચિયન મેડિકલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, વેલોર.

2.2 ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ, ન્યુ દિલ્હી.

2.3 પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ, ચંદીગઢ.

2.4 જશલોક હૉસ્પિટલ, મુંબઈ.

**3.0 બ્લડ કેન્સર માટે :**

3.1 ટાટા મેમોરિયલ હૉસ્પિટલ, મુંબઈ.

3.2 કેન્સર ઇન્સ્ટિટ્યૂટ, અડયાર, મદ્રાસ.

**4.0 કોમ્પ્લીકેટેડ હાર્ટ સર્જરી કેસીસ માટે :**

4.1 સધર્ન રેલવે હેડક્વાર્ટર હૉસ્પિટલ, ચેન્નાઈ.

4.2 ક્રિશ્ચિયન મેડિકલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, વેલોર.

4.3 કે.ઇ.એમ. હૉસ્પિટલ, મુંબઈ.

4.4 ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ, ન્યુદિલ્હી.

4.5 બૉમ્બે હૉસ્પિટલ, દિલ્હી.

4.6 જી. બી. પંચ હૉસ્પિટલ, દિલ્હી.

4.7 શ્રી ચિત્રતિરૂનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ, ન્યુદિલ્હી.

4.8 પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ, ચંદીગઢ.

4.9 એસ.એમ.કે.એમ. હૉસ્પિટલ, કોલકાતા

4.10 સમરીતન હૉસ્પિટલ, અલ્વાયે, કેરાલા.

4.11 કસ્તુરબા હૉસ્પિટલ, ભોપાલ.

4.12 એન.એમ. વાડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી, પૂના.

4.13 હિન્દુજા હૉસ્પિટલ, મુંબઈ.

4.14 જશલોક હૉસ્પિટલ, મુંબઇ (તા. 08-03-1994)

4.15 ક્રિષ્ના હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, ઘુમા, અમદાવાદ (ઠરાવ તા. 01-01-2001)

**5 નિયત કરેલા દરો**

5.1 માન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેનાર સરકારી કર્મચારીઓ / અધિકારીઓ / પેન્શનરો કે તેમના કુટુંબીજનોની હૃદય રોગની જે તે સારવાર માટે નીચે દર્શાવેલ સામાન્ય દર (Common Package) અથવા સંબંધિત ખાનગી હૉસ્પિટલો દ્વારા કરવામાં આવેલ ચાર્જ એ બે પૈકી જે ઓછા હોય તે દર જેટલી રકમનું રિએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે :

| ક્રમ | સારવારનું નામ | કર્મચારીઓના રિએમ્બર્સમેન્ટ માટેના સામાન્ય દર (Common Package) |
|---|---|---|
| 1 | કોરોનરી એન્જિયોગ્રાફી | રૂ. 9,500/- (રૂપિયા નવ હજાર પાંચસો) |
| 2 | કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટીંગ (સી.એ.બી.જી.) | રૂ. 60,000/- (રૂપિયા સાંઇઠ હજાર પૂરા) + રૂ. 6,000/- ની દવાઓ |
| 3 | એન્જિપ્લાસ્ટી સીંગલ વેસલ વિધાઉટ સ્ટેન્ડ (પીટીસીએ) | રૂ. 60,000/- (રૂપિયા સાંઇઠ હજાર પૂરા) + રૂ. 2,000/- ની દવાઓ |
| 4 | એન્જિયોપ્લાસ્ટી સીંગલ વેસલ વિથ સ્ટેન્ડ (પીટીસીએ) | રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા) (જેમાં સ્ટેન્ડની કિંમત સામેલ છે) અથવા રૂ. 60,000/- + સ્ટેન્ડની કિંમત (બે સ્ટેન્ડની મર્યાદામાં) |

| ક્રમ | સારવારનું નામ | કર્મચારીઓના રિએમ્બર્સમેન્ટ માટેના સામાન્ય દર (Common Package) |
|---|---|---|
| 5 | એન્જિયોપ્લાસ્ટી ડબલ વેસલ વિધાઉટ સ્ટેન્ડ (પીટીસીએ) | રૂ. 80,000/- (રૂપિયા એંસી હજાર પૂરા) |
| 6 | એન્જિયોપ્લાસ્ટી સીંગલ વેસલ વિથ સ્ટેન્ડ (પીટીસીએ) | રૂ. 1,25,000/- થી રૂ. 1,50,000/- (રૂપિયા એક લાખ પચીસ હજારથી એક લાખ પચાસ હજાર પૂરા – જેમાં સ્ટેન્ડની કિંમત સામેલ છે) અથવા રૂ. 60,000/- (રૂપિયા સાંઇઠ હજાર પૂરા) + સ્ટેન્ડની કિંમત (બે સ્ટેન્ડ રૂ. 1.20 લાખની મર્યાદામાં) *(તા. 01-08-2005)* |
| 7 | આર્ટિયલ સેપ્ટલ ડિફેક્ટ (એએસડી) | રૂ. 35,000/- (રૂપિયા પાંત્રીસ હજાર પૂરા) |
| 8 | વર્ટિક્યુલર સેપ્ટલ ડિફેક્ટ (વીએસડી) | રૂ. 47,000/- (રૂપિયા સુડતાળીસ હજાર પૂરા) |
| 9 | પેટન્ટ ડકટચ આર્ટિરોસસ (પીડીએ) | રૂ. 5,000/- (રૂપિયા પાંચ હજાર પૂરા) |
| 10 | મીટરલ વાલ્વ રીપ્લેશમેન્ટ (એમવીઆર) | રૂ. 50,000/- (રૂપિયા પચાસ હજાર પૂરા) |
| 11 | એરોટીક વાલ્વ રીપ્લેશમેન્ટ (એમવીઆર) | રૂ. 50,000/- (રૂપિયા પચાસ હજાર પૂરા) |
| 12 | ડબલ વાલ્વ રિપ્લેશમેન્ટ (એવીઆર) | રૂ. 55,000/- (રૂપિયા પંચાવન હજાર પૂરા) |
| 13 | વાલ્વો પ્લાસ્ટી મીટરલ (બી.એમ.વી.) | રૂ. 60,000/- (રૂપિયા સાંઇઠ હજાર પૂરા) |
| | એરોટીક (બી.એ.વી.) | રૂ. 30,000/- (રૂપિયા ત્રીસ હજાર પૂરા) |
| 14 | રી.સી.એ.બી.જી. | રૂ. 90,000/- (રૂપિયા નેવુ હજાર પૂરા) |
| 15 | પેરીફેરીયલ એન્જિયોગ્રાફી | રૂ. 09,100/- (રૂપિયા નવ હજાર એકસો પૂરા) |
| 16 | પેરીફેરીયલ એન્જિયોપ્લાસ્ટી | રૂ. 55,000/- (રૂપિયા પંચાવન હજાર પૂરા) |
| 17 | પરમેનન્ટ પેશમેકર | રૂ. 09,000/- (રૂપિયા નવ હજાર પૂરા) |
| 18 | ઇલેક્ટ્રો ફિઝીયોલોજી સ્ટડી ડાયગ્રોસ્ટીક | રૂ. 17,500/- (રૂપિયા સત્તર હજાર પાંચસો પૂરા) |
| 19 | ઇલેક્ટ્રો ફિઝીયોલોજી સ્ટડી થેરાપૈટીક | રૂ. 30,000/- (રૂપિયા ત્રીસ હજાર પૂરા) |

5.2 હાલમાં યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ અને વી.એસ. હૉસ્પિટલ, અમદાવાદમાં હૃદયરોગની લીધેલ સારવાર રિએમ્બર્સમેન્ટને પાત્ર છે. હૃદયરોગ માટેની સારવારના ખર્ચના રિએમ્બર્સમેન્ટમાં એકસૂત્રતા જળવાય તેથી સમાન દર લાગુ કરવાના હેતુથી ઉક્ત બંને હૉસ્પિટલોમાં લીધેલ સારવાર માટે પણ પત્રકમાં દર્શાવેલ સમાન દરો (Common Package) અથવા તે સંસ્થા દ્વારા કરવામાં આવતો ચાર્જ એ બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ રિએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

5.3 માસિક તબીબી ભથ્થું રોકડમાં મેળવતા સરકારી કર્મચારીઓ / અધિકારીઓ / પેન્શનરો પોતાની કે કુટુંબીજનોની સારવાર માટે મળવાપાત્ર નિયત રકમમાંથી રૂપિયા એક હજારનો ખર્ચ તેમણે ભોગવવાનો રહેશે. (રિએમ્બર્સમેન્ટ બિલમાંથી રૂપિયા 1000/- કપાત કરીને ચુકવણું કરવાનું રહેશે.)

5.4 ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો-1988ના લાભાર્થીઓ માટે તબીબીસારવારના ખર્ચ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વી.એસ. હૉસ્પિટલ, અમદાવાદને માન્ય ગણવામાં આવેલ છે તથા હૃદયરોગની સારવાર માટે લાભાર્થીઓના કેસમાં યુ.એન. મહેતા કાર્ડિયોલોજી, અમદાવાદને હૃદયરોગની સારવાર માટેની પેશગી માટે અધિકૃત ગણેલ છે. આ બંને હૉસ્પિટલોમાં

લીધેલી સારવારનો ખર્ચ ઓપરેશનનાં સમયનો અને તે પછી ફોલોઅપ સારવાર સહિતનો ખર્ચ સામાન્ય ખર્ચ સામાન્ય નિયમોનુસાર મળવાપાત્ર બને છે.

5.5 સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ ખાતેની કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે કરાતાં હૃદયરોગના ઓપરેશનો જેવાં કે એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, ઓપન હાર્ટ સર્જરી, બાયપાસ સર્જરી અને વાલ્વ રિપ્લેસમેન્ટ માટે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના અધિકૃત ચિકિત્સકની ભલામણથી બહારથી / બજારમાંથી ખરીદવામાં આવતાં ડિસ્પોઝેબલ મર્યાદિત રહેશે. અન્ય હૉસ્પિટલો માટે આ ઠરાવની આ જોગવાઈ લાગુ પડશે નહિ. *(ઠરાવ તા. 27-06-1995)*

## 6.0 મંજૂરી તથા રિએમ્બર્સમેન્ટ માટેની કાર્યપદ્ધતિ

6.1 હૃદયરોગની સારવારનો ખર્ચ મેળવવા સરકારી કર્મચારી / અધિકારી / પેન્શનરે નિયમો સાથેની અનુસૂચિ-1 માં જરૂરી વિગતો ભરી અસલ બિલો રજૂ કરવાનાં રહેશે અને જે તે જિલ્લાના અધિકૃત ચિકિત્સક જેવા કે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી / સિવિલ સર્જન / અધિક્ષક વર્ગ-1 / નિવાસી તબીબી અધિક્ષક વર્ગ-1ના પ્રતિ હસ્તાક્ષર મેળવવાના રહેશે.

6.2 ઉપર (4) મુજબ અનુસૂચિ-1 માં જરૂરી વિગતો ભરીને પ્રતિ હસ્તાક્ષર કરાવેલ અનુસૂચિ-1/અસલ બિલોને-

(અ) સચિવાલય સંવર્ગના સરકારી કર્મચારી / અધિકારીના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગે

(બ) બિન સચિવાલય સંવર્ગના કર્મચારી / અકિારીના કિસ્સામાં સંબંધિત ખાતાના વડાએ.

(ક) પેન્શનરના કિસ્સામાં સંબંધિત જિલ્લા તિજોરી અધિકારી / પી.એ.ઓ. કચેરીના વડાએ મંજૂરી આપી ચૂકવણીના હુકમો કરવાના રહેશે.

6.3 અનુસૂચિ-1 સાથે સંબંધિત કર્મચારી / અધિકારી / પેન્શનરે અધિકૃત ચિકિત્સકને રજૂ કરવાના ઉપર જણાવેલ હૉસ્પિટલના બિલોના સંદર્ભમાં સ્પષ્ટતા મેળવવી જરૂરી જણાય તો અધિકૃત ચિકિત્સકે આ બાબતમાં અધિક નિયામક (તબીબી સેવાઓ)નો પરામર્શ કરવાનો રહેશે. તે જે રીતે હૉસ્પિટલ દ્વારા કરાયેલ ઑપરેશનમાં અપાયેલ સારવારના સંદર્ભમાં સ્પષ્ટતા જરૂરી જણાય ત્યાં સંબંધિત મંજૂર કરનાર સત્તાધિકારીએ પણ અધિક નિયામક (તબીબી) સેવાઓનો પરામર્શ કરવાનો રહેશે.

6.4 અધિકૃત ચિકિત્સકને પ્રતિ હસ્તાક્ષર માટે રજૂ થયેલ બિલો તેમજ મંજૂર કરનાર સત્તાધિકારી સમક્ષ મંજૂરી માટે રજૂ થયેલ બિલો શંકાસ્પદ / ભૂલ ભરેલાં અથવા ખોટા જણાય તેવા કેસમાં સંબંધિત સારવાર લીધેલ ખાનગી હૉસ્પિટલના વ્યવસ્થાપકોનો પરામર્શ કરવાનો રહેશે.

6.5 તેવાં બિલો રજિસ્ટર કરવામાં બનાવટ / છેતરપિંડી કરી હોવાનું જણાય તો તેની જાણ સક્ષમ અધિકારીને કરવાની રહેશે અને તેવા દરેક કેસની ગંભીરતા / ગુણવત્તા ધ્યાને લઇ યોગ્ય નિયમોનુસાર વહીવટી પગલાં / કાયદાકીય પગલાં લેવાનાં રહેશે.

6.6 મંજૂર કરનાર સત્તાધિકારી દ્વારા ઉપર જણાવેલ ખાનગી હૉસ્પિટલમાં લીધેલ હૃદયરોગની સારવાર અંગેનાં મંજૂર કરેલ બિલોના હુકમની એક નકલ સંબંધિત વહીવટી વિભાગને તથા કમિશનરશ્રી (આરોગ્ય)ની કચેરીને અચૂક મોકલવાની રહેશે.

6.7 કર્મચારી / અધિકારી / પેન્શનર દ્વારા રિએમ્બર્સમેન્ટ માટે રજૂ કરવામાં આવેલ મેડિકલ ક્લેઇમ્સ / બિલોના સંદર્ભમાં ઉપસ્થિત કરાયેલ વિવાદ / દાખલ કરાયેલ કોર્ટકેસમાં અદાલતની કાર્યવાહીની સંપૂર્ણ જવાબદારી મંજૂર કરનાર સત્તાધિકારીની રહેશે. આ બાબતમાં જરૂર જણાય ત્યાં સંબંધિત ખાતા / કચેરી દ્વારા અધિકૃત ચિકિત્સક / અધિક નિયામક (તબીબી સેવાઓ)ની સલાહ / માર્ગદર્શન મેળવવાનું રહેશે.

6.8 આવી તબીબી સારવાર પૂરી થવાની છ માસની અંદર આ સારવારનાં બિલોને રિઇમ્બર્સ કરીને આપવાની વિનંતી સાથે તે બિલો કર્મચારીએ સત્તાધિકારીને રજૂ કરવાનાં રહે છે.

## 7.0 અન્ય ખાનગી હોસ્પિટલ / સંસ્થાઓમાં મેળવેલ સારવાર

7.1 આ યોજનાના લાભાર્થીઓ સરકારી હૉસ્પિટલો / દવાખાનાઓમાં તબીબી સારવાર મેળવવાને બદલે તાકીદના સંજોગોમાં ખાનગી સંસ્થાઓ સંચાલિત હૉસ્પિટલોમાં તબીબી સારવાર મેળવે છે અને પછી તેવી ખાનગી સંસ્થાઓમાં મેળવેલી તબીબી સારવારનો ખર્ચ ખાસ કેસ તરીકે રિએમ્બર્સમેન્ટને પાત્ર ગણવાની મંજૂરી આપવાની સરકારમાં રજૂઆત કરે છે. આ બાબતમાં તા. 28-12-2004 ના ઠરાવથી આ યોજના લાભાર્થીએ તાકીદના સંજોગોમાં હૃદયરોગ, કેન્સર અને કિડનીના રોગો માટે રાજ્યની કે રાજ્ય બહારની ઇન્સ્ટિટ્યૂટમાં તેની સારવાર મેળવી હશે તો તે કેસના સંજોગો ધ્યાને લઈને હૃદયરોગના કેસમાં યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ. કેન્સર માટે એમ.પી. શાહ કેન્સર ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ અને કિડનીના રોગ માટે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં સારવાર લીધી હોય તો જે ખર્ચ થાય તે ખર્ચની મર્યાદામાં ગણતરી કરીને મજરે આપવાનું ઠરાવવામાં આવેલ છે.

7.2 આ યોજનાના લાભાર્થીના તબીબીસારવારના કેસમાં ફક્ત જેમાં જીવન-મરણનો પ્રશ્ન હોય તેવા રોગોની સારવાર એટલે કે હૃદયરોગ, કિડનીજન્ય રોગો, કેન્સરના રોગો અને મગજના રોગોની સારવારના કેસમાં જો સંબંધિત અરજદારે સરકારી હૉસ્પિટલો / દવાખાનાઓમાં તબીબી સારવાર મેળવવાને બદલે ખાનગી સંસ્થાઓ સંચાલિત હૉસ્પિટલોમાં તેની તબીબી સારવાર મેળવી હોય તો પણ આ નિયમોની જોગવાઈ ક્રમાંક - 15(6) મુજબ જો તેણે આ સારવાર સરકારી હૉસ્પિટલમાં કે સરકારે અધિકૃત કરેલ હૉસ્પિટલોમાં જેમકે...

(1) હૃદયરોગ માટે યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં.
(2) કિડનીના રોગ માટે કીડની ડીસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં
(3) કેન્સર માટે ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ.
(4) મગજના રોગો માટે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ

- મેળવી હોય તો જે ખર્ચ થાય તે ખર્ચની મર્યાદામાં મંજૂર કરવાનો રહેશે.

7.3 આ સિવાયના જેમાં જીવન-મરણનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોવાનું જણાય તેવા વિશિષ્ટ કેસોમાં તાકીદના સંજોગોમાં ખાનગી હૉસ્પિટલમાં લીધેલી તબીબી સારવારના ખર્ચને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદમાં સારવાર લેતાં થતા ખર્ચનાં ધોરણે મંજૂર કરવાનાં રહે છે.

7.4 તા. 09-09-2005ના ઠરાવમાં જણાવેલ 15 હૉસ્પિટલો સિવાયની હૉસ્પિટલોમાં હૃદયરોગની સારવાર લીધી હોય કે કેન્સર રોગ, કિડની રોગની સારવાર ખાનગી હૉસ્પિટલોમાં લીધી હશે તો તેવા કેસોમાં ગુણદોષનાં આધારે નિયમ-15(6) હેઠળ જો તેવી સારવાર સરકારી કે સરકારે આ રોગ માટે અધિકૃત કરેલ હૉસ્પિટલમાં લીધી હોય તો જે ખર્ચ થાય તે ખર્ચના ધોરણે મંજૂર કરવાની રહેશે.

7.5 આ કેસોની મંજૂરી / નામંજૂરી અંગે સચિવશ્રી, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, કક્ષાએથી નિર્ણય લેવાનો રહેશે.

## 8.0 વિદેશમાં સારવાર

8.1 વિદેશમાં સારવાર અંગેની મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) સામાન્ય રીતે વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

(2) જે કેસોમાં ભારતમાં સારવાર ઉપલબ્ધ ન હોય અથવા સારવાર ઉપલબ્ધ હોય પરંતુ જોખમકારક હોય કે પૂર્ણ વિકસિત ન હોય તેવાં સંજોગોમાં નીચેની શરતોને આધીન, વિદેશમાં લીધેલ સારવારનું ખર્ચ પરત ભરપાઈ કરી શકાય છે.

(અ) વિદેશમાં સારવાર મેળવવા માટે કમિશનર નિયામકશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ ગાંધીનગરની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતો હોય તેવા સંજોગોમાં અધિકૃત ચિકિત્સક દ્વારા દર્દીના હિતમાં વિદેશમાં તાત્કાલિક સારવાર લેવી અનિવાર્ય હતી તેવું પ્રમાણપત્ર આપેલ હોય.

(બ) વિદેશી હૂંડિયામણના નિયમો (ફોરેન એક્ષચેંજ રૂલ્સ) હેઠળ વિદેશમાં સારવાર માટે જોઇતું ફોરેન એક્ષચેંજ રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા મારફત મેળવી લેવાનું હોય છે.

(ક) ફક્ત દર્દીને જ હૉસ્પિટલનું ખર્ચ તેમજ હવાઈ મુસાફરી ખર્ચ પરત ભરપાઈ કરી શકાય છે. પરિવારને આવું પ્રવાસભથ્થું મળવાપાત્ર નથી.

(3) હવાઈ મુસાફરી-ભથ્થું તથા હૉસ્પિટલનું ખર્ચ નીચે મુજબ પરત ભરપાઈ કરી શકશે.

(અ) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક
રૂ. 30,000 થી ઓછી હોય તેવા કિસ્સામાં ........90%.

(બ) જે સરકારી _ ચારીની વાર્ષિક આવક
રૂ. 30,000 અને રૂ. 60,000 ની વચ્ચે હોય તેવા કિસ્સામાં........75%.

(ક) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક
રૂ. 60,000 થી 1,00,000 વચ્ચે હોય તેવા કિસ્સામાં ........50%.

(ડ) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક
રૂ. 1,00,000 થી વધુ હોય તેવા કિસ્સામાં ........શૂન્ય.

(4) સરકારી કર્મચારીની વાર્ષિક આવકમાં સરકારી કર્મચારી તથા કુટુંબના સભ્યોની આવક તેમજ ખેતીની વાર્ષિક આવક સહિત અન્ય આવકનો સમાવેશ થાય છે.

(5) આવકના પુરાવા માટે સરકારી કર્મચારી કે તેના કુટુંબના સભ્યોના ઇન્કમટેક્ષ રિટર્નની નકલો પૂરતી નથી.